ગાંધીનગર સમાચાર
તા. ૪-૯-૨૦૧૪, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદી શાસન : સો દિવસનું સરવૈયું

ઊડીને આંખે વળગે એવો તફાવત મનમોહન અને મોદી વચ્ચે એ છે કે મનમોહનસિંહ અર્થશાસ્ત્રી હતા અને મોદી અઠંડ રાજનીતિશઆસ્ત્રી છે. એક ઇકોનોમિસ્ટ હતા, બીજા પોલિટીકલ પંડિત છે. જાપાનમાં રહ્યા રહ્યાં વડાપ્રધાન મોદી એમના સો દિવસના સુશાસનનું માર્કેટિંગ કરી શકે છે. મનમોહનસિંહ પાસે ભાષા નહોતી, મોદી પર સરસ્વતી મહેરબાન છે. સોનિયા ગાંધીને મોદી શાસનના સોમા દિવસે ફક્ત એક જ સવાલ સૂઝે છે : મોંઘવારી ઘટી ગઇ ખરી? જાણનારા જાણે છે કે ચૂંટણી એ જાહેર પ્રચારનું પર્વ છે. એ સમયે જે કંઇ બોલાય તે બધું એ જ અર્થમાં પાળી શકાતું નથી. પરંતુ મોદી સરકાર એવાં વચનોની લ્હાણીના મુદ્દે પણ જાગ્રત છે. મોંઘવારી જેવા જનસાધારણને સ્પર્શતા મુદ્દા પર એણે આંખમિચામણાં નથી કર્યાં, હા, સો દિવસના ટૂંકા ગાળામાં મોંઘવારી જેવી કાળઝાળ સમસ્યાને નાથવાની કોઇ જાદુઇ લાકડી નહોતી મનમોહન પાસે કે નથી મોદી પાસે. પરંતુ જે રીતે સામાન્ય વિકાસ દર વધીને '૬' ના આંકડાને સ્પર્શવા મથી રહ્યો છે, તે જોતાં ચિત્ર જરૂર આશાજનક છે. મંદીના મારમાંથી બહાર આવી રહેલા દેશમાં એક કામ કરતી સરકાર હોવાનું આશ્વાસન પણ જરૂર લઇ શકાય એમ છે. મોદીએ કહેવાતા 'હનીમૂન' કાળ દરમિયાન વિજય સરઘસો કે ઉજવણીઓ કરવાને બદલે તંત્રને કાબૂમાં લેવા માટે ઉજાગરા કર્યા છે. એમના મૂળ સંકલ્પ મુજબ દેશને 'કોંગ્રેસ મુક્ત' કરવાના પ્રયાસોના ભાગરૂપે કેટલાયે આંચકારૂપ નિર્ણયો લીધા છે. જૂની ફાઇલોનો નાશ, જૂની યોજનાઓને નવા ઢાંચામાં ઢાળવાની કોશિશ અને સૌથી વિશેષ તો સત્તા કેન્દ્ર તરીકે માત્ર અને માત્ર વડાપ્રધાન કાર્યાલયની પ્રતિષ્ઠા. કોંગ્રેસને અધિકૃત વિપક્ષના નેતાપદે નહીં બેસવા દઇને મોદી સરકારે કૃપણતા દર્શાવી છે કે દૂરંદેશી? ખૂદ કોંગ્રેસમાં દિગ્વિજયસિંહ જેવા બોલકા નેતા હવે કબૂલતા થયા છે કે દેશના યુવા વર્ગને ૬૩ વર્ષના મોદીનું ઘેલું લાગ્યું એનું કારણ એ હતું કે કોંગ્રેસના ૪૨ વર્ષના નેતાને બોલતાં જ ન આવડ્યું. એક રીતે આ મોદીનો દિગ્વિજય જ ગણાય કે હવે વિપક્ષના ખેરખાં પણ એમની તાકાતને બિરદાવતા થયા છે. જાપાનમાં જઇને પણ મોદી હિંદીમાં વાત કરી શકે છે, લેશ પણ ખંચકાટ વગર. ત્યાં એ ચા વાળા તરીકેની પોતાની ઓળખ પણ તાજી કરાવે છે. આ છે મોદીનો કરિશ્મા. મોદી માટે ૩૧ ટકા મતો મેળવી રાજ કરવું અઘરું નથી. પોલિટિકલ વિશ્લેષકો આવી ટકાવારી બતાવી મોદીને એમના કદ મુજબ વેતરી નાખવાનાં ભેંતરા ભલે રચતા રહે, એમના ભાથામાં હજી ઘણાં શસ્ત્રો વણવપરાયેલાં પડ્યાં છે, જે સમયે આવ્યે ખપ લાગશે. સરહદ પર થતી ઘૂસણખોરી સામે મોદી જયારે ત્યારે 'લુહાર કી એક' વાળી નીતિ અપનાવશે અને દેશને દિગ્વિજયી બનાવશે. બીજી તરફ ભાજપનો ગુપ્ત એજન્ડા તો બીજી હરોળના નેતાઓ મારફત અમલી બનાવાઇ જ રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં 'લવ જેહાદ' સામેની ઝુંબેશ કે યોગી આદિત્યનાથની રમખાણો વિશેની તડ અને ફડ એમાં નેત્રદીપક ઉદાહરણ છે. કોંગ્રેસ અને સમાજવાદી કે સામ્યવાદી પાર્ટીના હાકલાપડકારા વચ્ચે હિંદુત્વનો આ એજન્ડા ચાલુ રહેશે અને મોદી એ મુદ્દે હરફ સરખો નહીં ઉચ્ચારે. બીજી તરફ 'સુશાસન'ના સો દિવસોમાં જ કેન્દ્ર સરકારમાં વડાપ્રધાન સિવાય કોઇ પણ મંત્રીનું કંઇ જ નહીં ઊપજે એવી સ્થિતિ સરજાઇ ચૂકી છે પણ કોની માએ સવા શેર સૂંઠ ખાધી છે કે ઊની વરાળ સુદ્ધાં કાઢે!



## બ્રહ્મસમાજનું ગૌરવ

હાલમાં જ રાગા ગૃપ દ્વારા સ્પેન ખાતે ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. જેમાં બ્રહ્મસમાજના જય દવે દ્વારા કોરિયોગ્રાફી કરવામાં આવી હતી ત્યારે સ્પેનના મેયર દ્વારા જયનું સન્માન કરવામાં આવ્યું હતું. જેને લઈને સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ખુશી વ્યકત કરવામાં આવી છે અને અભિનંદન પાઠવ્યા છે.

## સે. ૮ આદર્શ નિવાસી શાળામાં વિવિધ સ્પર્ધા યોજાઈ

આદર્શ નિવાસી શાળા, સેક્ટર-૮ ખાતે ક્વીઝ સ્પર્ધા, યોગ નિદર્શન અને સ્વયં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ક્વીઝ સ્પર્ધામાં ધોરણ-૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં સામાન્ય જ્ઞાન, અંગ્રેજી પ્રશ્નોત્તરી, ગણિતના કોયડા જેવા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. તેમજ યોગ નિદર્શનમાં મિનાક્ષી રાઠોડ, રાજલ સેનવા, અનિતા મકવાણા અને કવિતા રાઠોડે વિદ્યાર્થીનીઓને વિવિધ આસનો બતાવ્યા હતા. જ્ઞાન સપ્તાહના ભાગરૂપે આજે સ્વયં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક દિવસમાં શાળાની ૧૯ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ શિક્ષક બની ફરજ નિભાવી હતી. શાળામાં વિવિધ કાર્યક્રમોને શ્રેષ્ઠ બનાવવા બદલ આચાર્ય કુસુમબેન ચૌહાણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




ઇ ટ્રેઇનમાં બેહાડવા, ન્યાથી માણહ લાવવા ના કે...?!

## જયપ્રકાશ વિદ્યાલયમાં સ્વયંમ શિક્ષક દિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૩

જયપ્રકાશ વિદ્યાલયમાં માધ્યમિક વિભાગ અને પ્રાથમિક વિભાગમાં જ્ઞાનસપ્તાહની ઉજવણીના ભાગરૂપે સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ધો. ૧૦ માં અભ્યાસ કરતા શ્રી દ્યુમિલભાઇ પ્રજાપતિએ આચાર્ય તરીકેની કામગીરી બજાવી હતી. ધોરણ - ૯ અને ૧૦ કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને સંતોષકારક શિક્ષણ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાનો વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૩

એથ્લેટિકસ ગ્રામ્ય તાલુકા કક્ષાની રમતો બાલવા મુકામે યોજાઈ હતી. જેમાં મહર્ષિ અત્રે માધ્યમિક શાળા પીંપળજની અંડર-૧૪ ૬૦૦ મીટર દોડમાં પ્રથમ નંબરે કિશનભાઈ શૈલેષભાઈ પટેલ, ૪૦૦ મીટર દોડમાં બીજા નંબરે શ્રી કૃષ્ણપાલ ગોવિંદસિંહ વાઘેલા ૨૦૦ મીટર દોડમાં બીજા નંબરે શ્રી રામ સુરેશભાઈ ૧૦૦ મીટર દોડમાં બીજા નંબરે પાર્થ નરેશભાઈ સોલંકી ચક્રફેંકમાં ત્રીજો નંબર શ્રી મંથનભાઈ દિલીપભાઈ, ગોળાફેંકમાં ત્રીજા નંબરે શ્રી હર્ષદભાઈ એન. પટેલ, વિઘ્નદોડમાં ૮૦ મીટરમાં બીજા નંબરે શ્રી કવન કિરીટભાઈ પટેલ રહ્યા હતા. આ તમામ ખેલાડીઓને શાળાનું ગૌરવ વધારવા બદલ ટ્રસ્ટીશ્રી ભરતભાઈ ઠુંમર, હર્ષદભાઈ પટેલ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.



## સોજા હાઈસ્કૂલમાં જ્ઞાન સપ્તાહ અને શિક્ષણ દિવસ મનાવવામાં આવ્યો

કલોલ તાલુકાના સોજામાં આવેલ શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં સ્વયં શિક્ષણ દિન અને પુસ્તકાલય જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સોજાની શેઠ એચ.એમ. હાઈસ્કૂલ દ્વારા તા. ૨ જીના રોજ શાળા ખાતે પુસ્તકાલય જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત પુસ્તક પ્રદર્શન, વક્તૃત્વ સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, પુસ્તક પરિચય શ્રેણી, ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમજ પ્રદર્શન દરમિયાન નવલકથાઓ, નવલિકાઓ, નાટ્ય સંગ્રહ પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા. તેમજ તા. ૩જીના રોજ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સ્પર્ધામાં ૯૦ વિદ્યાર્થીઓમાંથી શિક્ષક બન્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને જ્ઞાન પિરસ્યુ હતું.

## શિક્ષક દિને વિદ્યાર્થીઓનો સત્કાર સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા ૫ મી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. શાળા કોલેજમાં શિક્ષક બન્યા હોય તેવા વિદ્યાર્થીઓને ખિમજી વિસરામ હોલ ખાતે સન્માનવામાં આવશે. જેમાં વલ્લભભાઈ પટેલ, ડૉ. કનુભાઈ પટેલ, પ્રો. એસ.કે. મંત્રાલા, પ્રો. ડી.ટી. કાપડિયા, ડૉ. વિણાબેન પટેલ, ડૉ. સોમભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.



સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા રવિવારે કડી વિદ્યાસંકુલ, ખીમજી વશરામજી હોલ ખાતે પરિવારના બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલ તેજસ્વી સિદ્ધિઓને બિરદાવવા માટે પારિતોષિક વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં ખાસ કરીને પરિવારો સાથે જ્ઞાન-ગમ્મત અને મનોરંજન મળે તે માટે સાંસ્કૃતિક કાર્યક્રમ, બેસ્ટ કપલ ઓફ પ્રોગ્રામ, એક મીનીટ ગેઈમ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છની ભાતીગળ સંસ્કૃતિની જાણકારી માટેની ક્વીઝ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. રાજીવ હર્ષે દ્વારા 'દુઃખાવાની અદ્યતન' સારવાર વિશે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી અભ્યાસુ ૮૬ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમગ્ર કાર્યક્રમ સંચાલન જયશ્રીબેન ખેતીયાએ કર્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં વર્લ્ડ એન્ટિ ડોપિંગ એજન્સી (વાડા)ના અધ્યક્ષપદે નિમણૂંક પામનાર ક્રેગ રીડી વાડાનાં કેટલામાં અધ્યક્ષ છે?
→ ત્રીજા
૨. ૨૦૧૪ ઈન્ટરનેશનલ ફુટબોલ એસોશિએશનની સ્થાપનાના કેટલા વર્ષ પૂર્ણ થયા હતા?
→ ૧૧૦ વર્ષ
૩. ૨૦૧૪માં ફુટબોલ મહાસંઘે કયા દેશની ટીમને આંતરરાષ્ટ્રીય પ્રતિસ્પર્ધામાંથી બહાર ધકેલી દીધી?
→ નાઇજીરીયા
૪. ૨૦૧૪માં આયોજિત ફુટબોલ વિશ્વકપમાં ઘાયલ થવાના કારણે રમતમાંથી બહાર નિકળી જનાર ફાર્વડ નેમાર કયા દેશની ટીમનો ખેલાડી છે?
→ બ્રાઝીલ
૫. ફૂટબોલ વિશ્વકપ-૨૦૧૪નો ખિતાબ કયા દેશે જીત્યો છે?
→ જર્મની
૬. ફૂટબોલ વિશ્વકપમાં વિજેતા ટીમે અર્જેન્ટીનાને કેટલા ગોલથી હરાવ્યું હતું?
→ ૧-૦ (એક)
૭. ૨૦૧૪માં કેટલામી કોમનવેલ્થ ગેમ્સ યોજાઇ હતી?
→ ૨૦મી
૮. ૨૦૧૪માં યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં કુલ કેટલા દેશોના રમતવીરોએ ભાગ લીધો હતો?
→ ૭૧ દેશ
૯. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સનો ઉદ્ઘાટન સમારોહ કયાં સ્ટેડિયમમાં યોજાયો હતો?
→ સેલ્ટિક પાર્ક (ગ્લાસગો)
૧૦. ૨૦૧૪માં આયોજીત કોમનવેલ્થ ગેમ્સ કેટલા દિવસ ચાલ્યો હતો?
→ ૧૧ દિવસ
૧૧. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સની પરેડમાં ભારતીય દળનું નેતૃત્વ કોણે કર્યું હતું?
→ શૂટર વિજયકુમાર
૧૨. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સના પ્રારંભે યોજાયેલી પરેડમાં ભારતનું સ્થાન કેટલામું હતું?
→ પ્રથમ
૧૩. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સને કોના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો?
→ ઇંગ્લેન્ડની રાણી એલિઝાબેથ દ્વિતીય
૧૪. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ કેટલામો છે?
→ ૧૩૫
૧૫. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે કયો દેશ છે?
→ નોર્વે
૧૬. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેક્સમાં દ્વિતીય ક્રમે કયો દેશે છે?
→ ઓસ્ટ્રેલિયા
૧૭. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમેન ડેવલપમેન્ટ રિપોર્ટમાં માનવ વિકાસ ઈન્ડેક્સમાં તૃતીય ક્રમે કયો દેશ છે?
→ સ્વિટ્ઝર્લેન્ડ
૧૮. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમેન ડેવલપમેન્ટ રિપોર્ટમાં માનવ વિકાસ ઈન્ડેક્સમાં ચતુર્થ ક્રમે કયો દેશ છે?
→ નેધરલેન્ડ
૧૯. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં શૂટર અભિનવ બિન્દ્રા એ કેટલા મીટર એર રાઈફલ શૂટીંગમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો?
→ ૧૦ મીટર એર રાઇફલ
૨૦. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી સુખેન ડે એ કઇ રમતમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો?
→ વેઇટ લિફ્ટિંગ

# શું મહિલાને આક્રમક બનાવવામાં પુરૂષો જવાબદાર છે...?

## સમાજ ચિંતન

પોપટલાલ પ્રજાપતિ

હવે એ જમાનો નથી રહ્યો કે પુરૂષના પ્રત્યેક અત્યાચાર સ્ત્રી મુંગે મોઢે સહન કરી લે, હવે એ સમય પણ નથી રહ્યો કે સાસરી પક્ષમાં વડીલોની લાજ કાઢવી પડે. વડીલોની હાજરીમાં પતિ-પત્ની એકબીજાના નામ લઈને ન બોલાવી શકે એ માન્યતા પણ હવે નથી રહી કે મા બાપની હાજરીમાં પોતાના જ બાળકને તેડી ન શકાય, એવી મર્યાદાનો પણ કોઈ આગ્રહ રાખતું નથી. સ્ત્રીઓએ ઘરકામ જ કરવાનું તેઓ નોકરી ન કરી શકે તેવા બંધન પણ હવે રહ્યા નથી. સ્ત્રીઓની સલામતી અને સુરક્ષા માટે સરકારે કાયદાકીય જોગવાઈ કરવામાં કોઈ કસર રાખી નથી કે સમાજ પણ ખુલ્લા મનથી આ બધા જ પરિવર્તનો સ્વીકારતો થઈ ગયો છે. સ્ત્રીને પુરૂષ સમોવડી, બલકે પુરૂષથી ચઢિયાતી ગણવામાં કોઈને છોછ રહ્યો નથી પણ તેમ છતાં સ્ત્રીઓના વ્યવહાર કે વર્તન સામે કયારેક પુરૂષની ભૃકુટી ખેંચાઈ જાય છે. કારણ કે સ્ત્રી સુરક્ષા માટે ઘડાયેલ કાયદાનો પોતાની તરફેણમાં ઉપયોગ (દુરપયોગ) કરી, સાસુ, સસરા, નણંદને કારણ વગર જેલમાં પુરાવી દેવાની ક્ષમતા સ્ત્રીઓએ કેળવવા માંડી છે. એ પ્રશ્ન વિચારણા માંગી લે છે કે ક્રમશઃ સ્ત્રીઓમાં નિષ્ઠુરતા કેમ આવતી જાય છે?

પોતાના પ્રેમીના આઠ ટુકડા કરી એને સગેવગે કરી દેનાર પ્રેમીકાનું કાળજું શેનું બનેલું હશે? પોતાના પતિને સજા કરાવવા પોતાના સંતાનો સહિત અગ્નિસ્નાન કરનાર પત્નીના શરીરના ધબકતું લોહી કેવા રંગનું હશે? પોતાના પર બળાત્કાર કરનાર પુરૂષનું ગુપ્તાંગ વાઢી નાખનાર યુવતીમાં આવી હિંમત આવી કયાંથી? ૧૩ બાળકોના અપહરણ કરી તેમાંના નવ બાળકોની હત્યા પ્રકરણમાં ફાંસીની સજા પામનારી કોલ્હાપુરની બે બહેનોનું કાળજુ શેનું બનેલું હશે? મુંબઈમાં એક કૉલેજ કન્યાને તેના બોયફ્રેન્ડે લગ્ન કરવાની ના પાડતાં બોયફ્રેન્ડ અને બીજા ત્રણ સામે ગેંગરેપનો આરોપ લગાવી કેસ કરાર યુવતીની હિંમત માટે શું કહેશો? પોતાના પ્રેમી ખાતર પતિનું કાસળ કાઢી તેની લાશને કોથળામાં બાંધી સગેવગે કરનાર પત્નીને પતિની લાશ જોયા બાદ પણ કંપારી નહિ છુટી હોય? આજની સમસ્યા એ છે કે સહનશીલતા, લાગણી અને પ્રેમાવત્તાર ગણાતી નારી આવી કઠોર કેવી રીતે બની? બીજાનું લોહી જોઈ કંપી ઉઠતી નારી પોતાના હાથે બીજાનું ખૂન કેવી રીતે કરી શકે? આવી ક્રૂરતા તેનામાં આવી કયાંથી?

સ્ત્રી સ્વમાનથી અને ગૌરવભેર જીવવા માગે છે, પણ તેના ચારિત્ર્ય પર આંગળી ચિંધાય કે તેના આત્મગૌરવને હાનિ પહોંચે ત્યારે તે છંછેડાય છે અને જયારે તે બદલો લેવા મનથી નક્કી કરે પછી વિફરેલી વાઘણનું રૂપ ધારણ કરે છે. બદલાની આગ જયાં સુધી ઠરે નહીં તેને કળ વળતી નથી સહનશીલતાના અંતિમબિંદુ સુધી તે ખામોશ રહે છે. પણ આ ખામોશી જ પછી ઘાતક બને છે. નારી પરના અત્યાચારો અને આત્મસન્માનને ઠેસ પહોંચાડે તેવા બનાવો માઝા મુકવા માંડ્યા. ઘર, ઓફિસ, જાહેર માર્ગો કે ધાર્મિક સ્થળો પર પણ તેની સલામતી જોખમાવા માંડી. જે વડીલો સન્માન કરવા લાયક હોય તેઓ તેના પર કુદૃષ્ટિ કરવા લાગ્યા. ઓનર કિલીંગના બનાવો પણ પોલીસ દફતરે નોંધાવા લાગ્યા. ગેંગરેપના બનાવો સામાન્ય લાગવા માંડ્યા. કયાંક તો ખાપ પંચાયતો દ્વારા ફરમાનો થવા માંડ્યા કે યુવતીઓએ જીન્સ પહેરવા નહીં કે હાથમાં મોબાઈલ રાખી રસ્તે ફરવું નહિ. યુવતીઓએ કેવા કપડાં પહેરવા તેની ચર્ચાઓ થવા લાગી ત્યારે યુવતીઓ મનોમન અકળાતી, મુંઝાતી અને આ અકળામણ વિસ્ફોટ બનીને બહાર આવવા માંડી ત્યારે સમાજમાં હાહાકાર મચ્યો છે કે ખલાસ... હવે બધુ સર્વનાશ... સંસ્કૃતિનું પતન... પણ સૌએ હવે સમજવું રહ્યું કે સ્ત્રીઓ અબળા નથી. સ્ત્રીને અબળા કહેનારાના નબળા માનસને લોકો તિરસ્કારે છે.

વર્તમાન સમયની સમસ્યા એ છે કે સ્ત્રીઓ હવે પુરૂષોની દાસી બનીને રહેવા માંગતી નથી. સમાન અધિકાર માટે હવે તે અધિરી બની છે. વર્ષોની યાતનાઓ હવે જાતે તે બદલો લેવા માગે છે. પુરૂષના અહમ્ કે તેના પૌરૂષત્વના ચુરેચુરા કરી નાખવા તે મજબૂર બની છે અને સ્ત્રીઓ દ્વારા થતા આવા પ્રતિક્રણ સામે પુરૂષોના ભવાં કયાંક ખેંચાવા લાગ્યા છે, સ્ત્રીઓએ લાજશરમ નેવે મુકી છે. તેમનામાં મર્યાદા રહી નથી વિગેરે વિગેરે... પણ પુરૂષ પ્રધાન સમાજ એ સ્વીકારવા તૈયાર નથી, એ પ્રકારની માનસિકતા તેણે કેળવી નથી કે કોઈ પણ પ્રકારનો અત્યાચાર માઝા મુકે ત્યારે બાયલાઓ પણ હાથ ઉપાડે છે અને મડદામાં પણ સળવળાટ થાય છે. સ્ત્રી અબળા છે અને તેણે પુરૂષોનું આધિપત્ય સ્વીકારવું જોઈએ એવી ભ્રામક માન્યતામાંથી હવે પુરૂષ વર્ગે બહાર આવવું પડશે.

તાજેતરમાં ઉત્તરપ્રદેશના એક ગામમાં કૉલેજ જતી આવતી યુવતીઓની મજાક-મશ્કરી કરતા યુવાનોને યુવતીઓએ જાહેરમાં મેથીપાક ચખાડી તેમને બેઆબરૂ કરી નાખ્યા. આમાં વાંક યુવતીઓ છે કે બેશરમ યુવકોનો? સમાજ ન્યાય કરવામાં પક્ષપાત કરે ત્યારે લોકો જાતે જ ન્યાયાધીશ બની જાય છે.

કન્યા કેળવણીનો વિસ્ફોટ, યુવાનો કરતાં દરેક ક્ષેત્રમાં આગે કદમ કરતી યુવતીઓ એ વાસ્તવિકતા છે તેનો સ્વીકાર કરવો જ રહ્યો. બચપણથી જ ભયના વાતાવરણમાં ઉછરતી યુવતીઓના દિમાગમાં વિદ્રોહના બીજ રોપાય છે. ખરીદી કરવા એકલાએ નહિ જવાનું. યુવાનો સાથે બહુ હરવું ફરવું નહિ, પરણીને સાસરે ગયા પછી પિયરમાં ફરિયાદ લઈને કદી આવવાનું નહીં, સાસરીમાંથી દીકરીની લાશ જ પાછી આવે. હજુ કેટલાક વિસ્તારોમાં એવી માન્યતા છે કે દીકરીઓને બહુ ભણાવાય નહિ, મુરતીયો શોધવામાં તકલીફ પડે. આ બધી જ માન્યતાઓ સામે યુવતીઓ બંડ પોકારે છે. લગ્ન પોતાના ગોળ કે સમાજમાં જ થાય આ માન્યતા સામે બંડ પોકારી અન્ય સમાજમાં તે ખાનગીમાં લવમેરેજ કરી નાખે છે. લીવ ઈન રીલેશનમાં રહેવામાં પણ તેને કંઈ અજુગતું લાગતું નથી. લગ્ન એક બંધન છે એ માન્યતાના બંધનમાં રહેવા આજની યુવતીઓ તૈયાર નથી. પરિણામે છુટાછેડા એ વડીલો માટે ચિંતાનો વિષય બનતો જાય છે. કયારેક એવું લાગે કે સ્ત્રીને ક્રૂર અને લાગણીહીન બનાવવામાં પુરૂષોનો ફાળો મોટો છે, એને પોતાનું આધિપત્ય છોડવું નહીં પરિણામે અસંતોષ વધતો ગયો.

પુરૂષના આધિપત્યની વાત સ્વીકારીએ તો પણ સિક્કાની બીજી બાજુ પણ જોવી રહી. કોઈ પણ ટીકા ટીપ્પણ વિના એક પ્રસંગ પ્રસ્તુત કરું છું. ખુબ લાડકોડમાં ઉછરેલી એક યુવતી સ્વતંત્ર વિચારની, અને મનમોજી હતી, પોતાનો જ કક્કો ખરો કરાવનારી. તે ઉંમર લાયક થતાં તેના માતા પિતાએ તેના માટે યોગ્ય જીવનસાથી શોધવાનું વિચાર્યું. એક યુવક સાથે તેણા સગપણની વાત વિચારી. યુવકનો પરિવાર ખુબ જ ખાનદાન અને સંસ્કારી હતો. યુવાન પણ હેન્ડસમ હતો. આપણી દીકરી માટે આ જ મુરતીયો યોગ્ય છે એમ સમજી બંને વચ્ચે મુલાકાત ગોઠવી. યુવક અને યુવતી વચ્ચે થયેલો સંવાદ રસપ્રદ છે... યુવતીએ યુવકની આર્થિક સદ્ધરતા જાણવા પ્રયત્ન કર્યો. એણે કયાં કેટલું રોકાણ કર્યું છે?

મ્યુચ્યુઅલ ફંડ કે શેરમાં કેટલું રોકાણ છે? યુવક સંયુક્ત પરીવારમાં રહેતો હતો એ જાણી યુવતીએ સીધું જ પુછી નાખ્યું, ફેમીલી બિઝનેશમાંથી તું છુટો થાય તો તને કેટલા રૂપિયા મળે? યુવકે આવો વિચાર કદી કરેલો નહીં, તે મુંઝાયો. ત્યારબાદ યુવતીએ તેનો સેલફોન જોવા માગ્યો, અને પછી યુવકના સેલફોનમાં ધડાધડ કી દબાવી ૧૦ મિનિટમાં પરત કર્યો. અને યુવકને પુછ્યું, તારી સોશિયલ લાઈફ બિલકુલ ઝીરો છે. મેસેજનું ઈનબોક્ષ બિલકુલ ખાલી છે. ફેસબુક કે ટ્વીટરની પણ તેં કોઈ એપ્લીકેશન ડાઉનલોન કરી નથી... યુ વિશ... યુ કેન ચેક માય સેલફોન... એમ કહી તેણે પોતાનો સેલફોન યુવકને આપ્યો. પણ યુવકે તે જોવા ઈનકાર કર્યો અને મીટીંગ ત્યાં જ પુરી કરી યુવક ત્યાંથી ઊભો થઈ ગયો...

એ ખરૂં છે કે સ્ત્રીઓને કે યુવતીઓને આક્રમક બનાવવામાં પુરૂષોનો ફાળો મોટો છે પણ નિરંકુશ યૌવન કયારેક ગંભીર પરિણામો ન લાવી શકે? સ્ત્રી અને પુરૂષ બંનેની આક્રમકતા સમાજ જીવનને વેરવિખેર નહિ કરી નાખે? તમે શું માનો છો?